ર(૬)

ગુજરાત પ્રજા

તા. ૨૭ - ૧૧ - ૨૦૦૫

# સુરત મહાનગરપાલિકા

## શહેરી વિકાસવર્ષ-૨૦૦૫

### નગર રચના યોજના, સુરત નં.૫૪ (ભેસ્તાન)નો મુસદ્દો પ્રસિદ્ધ કરવા બાબત

## અધિસૂચન

આથી જાહેર કરવામાં આવે છે કે, ઉપરોક્ત (મુસદ્દારૂપ યોજના) યોજનાનો મુસદ્દો ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૨ (૧) અને અધિનિયમના નિયમો-૧૯૭૯ના નિયમ-૧૮ અન્વયે તૈયાર કરવામાં આવ્યો છે અને પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે. આ યોજનાની મુખ્ય હદો નીચે પ્રમાણે છે.

ઉત્તરે : મોજે ભેસ્તાનનો બાકીનો ભાગ
દક્ષિણે : નગર રચના યોજના, સુરત નં.૫૫ (ભેસ્તાન)ની હદ
પૂર્વે : મોજે ઇકલેરા તથા કરડવાનો સીમાડો
પશ્ચિમે : સુરત-મુંબઇ પશ્ચિમ રેલ્વેલાઇન

ઉપર જણાવેલ યોજનાના મુસદ્દાની એક નકલ જમીનમાલિકો તેમજ હિતસંબંધ ધરાવનાર વ્યક્તિઓ તથા જાહેર જનતાને જોવા માટે ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતની કચેરીમાં, રજાના દિવસો સિવાય ઓફિસ સમય દરમ્યાન ખુલ્લી રાખવામાં આવેલ છે.

સરકારી રાજ્યપત્રમાં ઉપરોક્ત અધિસૂચનની પ્રસિદ્ધિ થયાની તારીખથી એક મહિનાની અંદર આ યોજનાથી અસર પામતી કોઇપણ વ્યક્તિ આ યોજનાના સંબંધમાં વાંધા/સૂચનો બે નકલોમાં લેખિત રીતે કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરશે; તો કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકા આવા વાંધાઓ યોગ્ય જણાયે ધ્યાનમાં લેશે.

ઠરાવ :-

સુરત મહાનગરપાલિકાના માન.એડમિનિસ્ટ્રેટરશ્રીએ તા.૨૯/૧૦/૨૦૦૫ના રોજ નીચે મુજબનો ઠરાવ કર્યો હતો :-

મ્યુ.કમિશ્નરશ્રીનાં તા.૨૫/૧૦/૨૦૦૫નાં પત્ર નં.સીસાસ/૧૨થી વિદિત થઇ, સાઉથઝોન વિસ્તારમાં મુસદ્દારૂપ નગર રચના યોજના, સુરત નં.૫૪ (ભેસ્તાન)ને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમની કલમ-૪૨ (૧) મુજબ યોજનાનો મુસદ્દો સરકારી રાજ્યપત્રમાં તથા તે સ્થાનિક દૈનિકપત્રોમાં પ્રસિદ્ધ કરવા તેમજ મુસદ્દો પ્રસિદ્ધ કર્યાની તારીખથી ૩૦ દિવસની અંદર જાહેર જનતા પાસેથી વાંધા/સૂચનો મેળવવા તથા આવેલ વાંધા/સૂચનો ધ્યાને લઇ, ઉપરોક્ત કાયદાની જોગવાઇ મુજબ મુસદ્દો પ્રસિદ્ધ કર્યાની તારીખથી ત્રણ માસની અંદર સદરહું મુસદ્દારૂપ નગર રચના યોજનાને સરકારશ્રીમાં સાદર કરવાની કાર્યવાહી કરવા તથા તેને આનુસાંગિક જરૂરી કાર્યવાહી કરવા મ્યુ.કમિશ્નરશ્રીને અધિકૃત કરવાનું મંજૂર કરવામાં આવે છે.

એડમિનિસ્ટ્રેટર (કોર્પોરેશન ઠરાવ નં.૧૦૭૮/૨૦૦૫ મંજૂર.

નં.પીઆરઓ/૪૧૪/૨૦૦૫/૦૬
તા.૧૬/૧૧/૨૦૦૫

૪(૬)

ગુજરાત મિત્ર

તા. ૧૭.૧૧-2005

# સુરત મહાનગરપાલિકા

## શહેરી વિકાસ વર્ષ-૨૦૦૫

**નગર રચના યોજના, સુરત નં. ૫૪ (ભેસ્તાન)નો મુસદ્દો પ્રસિધ્ધ કરવા બાબત**

## અધિસુચન

આથી જાહેર કરવામાં આવે છે કે, ઉપરોક્ત (મુસદ્દારૂપ યોજના) યોજનાનો મુસદ્દો ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૨(૧) અને અધિનિયમના નિયમો-૧૯૭૯ના નિયમ-૧૮ અન્વયે તૈયાર કરવામાં આવ્યો છે અને પ્રસિધ્ધ કરવામાં આવ્યો છે. આ યોજનાની મુખ્ય હદો નીચે પ્રમાણે છે.

ઉત્તરે : મોજે ભેસ્તાનનો બાકીનો ભાગ
દક્ષિણે : નગર રચના યોજના, સુરત નં.૫૫ (ભેસ્તાન)ની હદ
પૂર્વે : મોજે ઈકલેરા તથા કરડવાનો સીમાડો
પશ્ચિમે : સુરત-મુંબઈ પશ્ચિમ રેલ્વે લાઈન

ઉપર જણાવેલ યોજનાના મુસદ્દાની એક નકલ જમીન માલિકો તેમજ હિત સંબંધ ધરાવનાર વ્યક્તિઓ તથા જાહેર જનતાને જોવા માટે ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતની કચેરીમાં રજાના દિવસો સિવાય ઓફિસ સમય દરમ્યાન ખુલ્લી રાખવામાં આવેલ છે.

સરકારી રાજ્યપત્રમાં ઉપરોક્ત અધિસૂચનની પ્રસિધ્ધ થયાની તારીખથી એક મહીનાની અંદર આ યોજનાની અસર પામતી કોઈપણ વ્યક્તિ આ યોજનાના સંબંધમાં વાંધા/સુચનો બે નકલોમાં લેખિત રીતે કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરશે, તો કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકા આવા વાંધાઓ યોગ્ય જણાયે ધ્યાનમાં લેશે.

**કમિશ્નર**
**સુરત મહાનગરપાલિકા**

**ઠરાવઃ-**

**સુરત મહાનગરપાલિકાના માન. એડમીનીસ્ટ્રેટરશ્રીએ તા. ૨૯/૧૦/૨૦૦૫ના રોજ નીચે મુજબનો ઠરાવ કર્યો હતો :-**

મ્યુ. કમિશ્નરશ્રીનાં તા. ૨૫/૧૦/૨૦૦૫નાં પત્ર નં. સીસાસ/૧૨થી વિદિત થઈ, સાઉથ ઝોન વિસ્તારમાં મુસદ્દારૂપ નગર રચના યોજના, સુરત નં. ૫૪ (ભેસ્તાન)ને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમની કલમ-૪૨(૧) મુજબ યોજનાનો મુસદ્દો સરકારી રાજ્યપત્રમાં તથા તે સ્થાનિક દૈનિકપત્રોમાં પ્રસિધ્ધ કરવા તેમજ મુસદ્દો પ્રસિધ્ધ કર્યાની તારીખથી 30 દિવસની અંદર જાહેર જનતા પાસેથી વાંધા/સુચનો મેળવવા તથા આવેલ વાંધા/સુચનો ધ્યાને લઈ, ઉપરોક્ત કાયદાની જોગવાઈ મુજબ મુસદ્દો પ્રસિધ્ધ કર્યાની તારીખથી ત્રણ માસની અંદર સદરહુ મુસદ્દારૂપ નગર રચના યોજનાને સરકારશ્રીમાં સાદર કરવાની કાર્યવાહી કરવા તથા તેને આનુસાંગિક જરૂરી કાર્યવાહી કરવા મ્યુ. કમિશ્નરશ્રીને અધિકૃત કરવાનું મંજુર કરવામાં આવે છે.

એડમીનીસ્ટ્રેટર (કોર્પોરેશન ઠરાવ નં.૧૦૭૮/૨૦૦૫ મંજુર.

નં. પીઆરઓ/૪૧૪/૨૦૦૫-૦૬
તા. ૧૬/૧૧/૦૫